For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રૂ. ૧,૨૯૭ કરોડના વિકાસકાર્યોની વડોદરાને ભેટ

# CMના હસ્તે ગંભીરા બ્રિજ અને ડો. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારકનું લોકાર્પણ

**વિકાસ** સાથે સામાજિક સમરસતા અને છેવાડાના માનવી સુધી યોજનાઓના લાભ પહોંચાડવા પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેર અને જિલ્લામાં રૂ. ૧,૨૯૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વરણામા સ્થિત ત્રિમંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગંભીરા બ્રિજ તથા કલ્યાણનગર સ્થિત ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારકનું પણ લોકાર્પણ થયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશમાં સામાજિક સમરસતા અને 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને પ્રોત્સાહન મળ્યું છે. વડોદરામાં આશરે રૂ. ૨૯ કરોડના ખર્ચે તૈયાર થયેલા ડો. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારકને તેમણે સામાજિક સમાનતા, એકતા અને સમરસતાની પ્રેરણાભૂમિ ગણાવી હતી.

સ્મારકમાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨ ફૂટ ઊંચી પ્રતિમા ઉપરાંત મ્યુઝિયમ, ડિજિટલ શો, લાઈબ્રેરી અને ઓડિટોરિયમની સુવિધા ઊભી કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્ર સાથે વિકાસની પ્રક્રિયાને જનભાગીદારી સાથે આગળ વધારવામાં આવી રહી છે. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગરીબલક્ષી યોજનાઓ અને વિકાસકાર્યોના લાભ જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે સરકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તે માટે 'સેચ્યુરેશન' અભિગમ અપનાવવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, હર ઘર જલ અને આયુષ્માન ભારત જેવી યોજનાઓથી વંચિત રહેલા નાગરિકોને લાભ અપાવવા સૌને સહભાગી બનવા અપીલ કરી હતી. વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ સહિત આવાસ, રસ્તા, ડ્રેનેજ અને પાણી પુરવઠા જેવા વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૫૯૩ આવાસ સહિતના વિવિધ પ્રકલ્પોનો પણ વિકાસકાર્યોમાં લોકોને પ્રેરણા આપતું રહેશે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી પ્રદ્યુમ્ન વાજાએ જણાવ્યું કે, વડોદરાની ભૂમિ ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન સાથે ઐતિહાસિક રીતે જોડાયેલી છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડે બાબાસાહેબને શિષ્યવૃત્તિ આપી ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું કે, બંધારણીય મૂલ્યોનું અસરકારક અમલીકરણ થાય ત્યારે જ સામાજિક ન્યાયનો સંકલ્પ સાકાર થઈ શકે છે. સંત શિરોમણી રવિદાસજીની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે રાજ્ય સરકારે રૂ. ૨૩૧ કરોડની જોગવાઈ કરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.




**વિકાસનો વ્યાપ**

**રૂ. ૧,૨૯૭ કરોડ** વડોદરા શહેર અને જિલ્લામાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ

**રૂ. ૨૯ કરોડ** ડો. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારકનો અંદાજિત ખર્ચ

**૧૨ ફૂટ** સ્મારકમાં સ્થાપિત ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની ઊંચાઈ

**૫૯૩ આવાસ** પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સમાવિષ્ટ આવાસો

**સ્મારકમાં શું મળશે?**

- ✓ ડો. બાબાસાહેબ આંબેડકરની ભવ્ય પ્રતિમા
- ✓ મ્યુઝિયમ
- ✓ ડિજિટલ શો
- ✓ લાઇબ્રેરી
- ✓ ઓડિટોરિયમ



### કમાટીબાગ નજીક ડો. આંબેડકર મેમોરિયલનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

વડોદરાના ફતેગંજમાં કમાટીબાગ નજીક રૂ.25 કરોડથી વધુના ખર્ચે નિર્મિત ડો. બાબાસાહેબ આંબેડકર મેમોરિયલનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકાર્પણ કર્યું હતું. તેમણે સંકલ્પભૂમિ ખાતે બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને મેમોરિયલના નિર્માણ સાથે જોડાયેલા શ્રમયોગીઓનું સન્માન કર્યું હતું. મેમોરિયલમાં બાબાસાહેબના જીવનપ્રસંગો, સંઘર્ષ અને વિચારો રજૂ કરાયા છે. અહીં મ્યુરલ્સ, ભાષણોનો વર્ચ્યુઅલ અનુભવ, પ્રદર્શનીઓ તથા લાઇટ એન્ડ સાઉન્ડની સુવિધા છે. પંચતીર્થ સંકલ્પનાના ભાગરૂપે વિકસાવાયેલું આ મેમોરિયલ સામાજિક સમાનતા અને ન્યાયનો સંદેશ નવી પેઢી સુધી પહોંચાડશે. રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા અને મંત્રી પદ્યુમ્નભાઈ વાજા ઉપસ્થિત રહ્યા હતા.



### જનભાગીદારીથી સમાજસેવા કરવા મુખ્યમંત્રીની અપીલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વૃક્ષારોપણ, સ્વચ્છતા, પાણી અને વીજળી બચત તેમજ જળસંચય જેવા કાર્યોમાં જોડાઈ સમાજસેવા કરવાની અપીલ કરી હતી. 2047 સુધીમાં વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના નિર્માણ માટે ગામ, પરિવાર અને દરેક નાગરિકની સહભાગિતાને મહત્વપૂર્ણ ગણાવી હતી. કાર્યક્રમમાં રાજ્ય મંત્રી દર્શના વાઘેલા, જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સના રબારી, મેયર ગીતા મકવાણા, ધારાસભ્યો શંભુપ્રસાદ ટુંડિયા, શૈલેષ મહેતા, કેતન ઇનામદાર, કેયુર રોકડિયા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રામાપીરનો ધ્વજ વીજ વાયરને અડતા સર્જાયો અકસ્માત

# વાઘોડિયાના સિકંદરપુરામાં નેજાયાત્રામાં કરંટ લાગતા દુર્ઘટના, ૪ બાળકો સહિત ૯ ઈજાગ્રસ્ત

**ગ્રામજનોમાં** ભારે અફરાતફરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના સિકંદરપુરા ગામે આજે ધાર્મિક ઉત્સવ માતમમાં ફેરવાયો હતો. રામાપીરની નેજાયાત્રા નીકળી હતી ત્યારે અચાનક નેજો ઉપરના વીજ વાયરને અડી જતા 9 લોકોને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. ઈજાગ્રસ્તોમાં 4 બાળકોનો પણ સમાવેશ થાય છે.

મળતી માહિતી મુજબ, ગામમાં ભક્તિભાવ સાથે રામાપીરના નેજાની શોભાયાત્રા નીકળી રહી હતી. શ્રદ્ધાળુઓ નેજો ઉંચો કરીને જય જયકાર કરી રહ્યા હતા ત્યારે જ રસ્તા ઉપરથી પસાર થતા હાઈટેંશન વાયર સાથે નેજાની લાકડી કે ધ્વજ અડી ગયો હતો. કરંટ લાગતા જ સ્થળ પર ચીસાચીસ અને નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ ગામના આગેવાન વિરેન્દ્રસિંહ બાપુ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને 108 અને ખાનગી વાહનોમાં નજીકની હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરી હતી. ઘટનાના સમાચાર મળતા યુવા મોરચા પ્રમુખ હિરેન્દ્રસિંહ, તાલુકા ભાજપ પ્રમુખ જૈમીન પટેલ, મધ્ય ઝોન પ્રભારી રોહિત બારોટ, સરપંચ અને ડેપ્યુટી સરપંચ પણ દોડી આવ્યા હતા અને હોસ્પિટલ ખાતે સારવારની વ્યવસ્થા સંભાળી હતી. હાલ તમામ 9 ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે અને ખતરાની બહાર હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે આજે વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં પણ વીજ કરંટ લાગવાની ઘટના બની હતી જેમાં 2 લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે.

**ઇજાગ્રસ્તોના નામ**

- હર્ષદ ભાલીયા - ઉ.વ. 12
- વિવેક ભાલીયા - ઉ.વ. 14
- ભાવિશા ભાલીયા - ઉ.વ. 13
- દેવુંબહેન ભાલીયા - ઉ.વ. 5
- અલ્પેશ બારીયા - ઉ.વ. 25
- વિશાલ બારીયા - ઉ.વ. 22
- રોનક મકવાણા - ઉ.વ. 18
- ઈશાબહેન સુરેશભાઈ - ઉ.વ. 12
- ભરતભાઈ વિનોદભાઈ - ઉ.વ. 22

### ટાવર પાસે નેજાયાત્રામાં હાઈટેન્શન લાઈનનો કરંટ લાગતાં બે ભક્ત દાઝ્યા



ધરમપુરાથી નીકળેલી નેજાયાત્રા દરમિયાન રાજેશ ટાવર પાસે લોખંડની પાઇપ પર લગાવેલો નેજો 66 કે.વી. હાઈટેન્શન લાઈનને અડકતાં પિયુષ અને અક્ષય નામના બે યુવાનો વીજ કરંટની ચપેટમાં આવી ગંભીર રીતે દાઝ્યા હતા. બંનેને 108 મારફતે ગોત્રી હોસ્પિટલ ખસેડાયા હતા, જેમાં એકની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ બાદ જેટકોએ વીજ પુરવઠો બંધ કરી ક્ષતિગ્રસ્ત લાઈનનું સમારકામ હાથ ધર્યું હતું.

### જૂનીગઢીથી નવલખી તળાવ સુધી SRP, QRT અને હોમગાર્ડના જવાનો તૈનાત

# ડ્રોન-કેમેરા અને CCTVથી સતત નજર વચ્ચે જૂનીગઢીના શ્રીજીનું વાજતા ગાજતે વિસર્જન

**ડ્રોન અને** CCTV થી સઘન મોનિટરિંગ; વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધતા કટાણે પોલીસ તંત્રને મોટી રાહત

(પ્રતિનિધિ) વડોદરા તા.20

ગણેશોત્સવના સાતમા દિવસે યોજાનારી જૂનીગઢીના ગણપતિની વિસર્જન યાત્રાને લઈને વડોદરા શહેર પોલીસે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. શાંતિ, સુરક્ષા અને કોમી સૌહાર્દ જળવાઈ રહે તે માટે જૂનીગઢીથી નવલખી કૃત્રિમ તળાવ સુધીના સમગ્ર રૂટ પર પોલીસ બંદોબસ્ત તૈનાત કરાયો છે.

સંવેદનશીલ માર્ગો, સાંકડી ગલીઓ અને મુખ્ય ચોક વિસ્તારોમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપરાંત એસઆરપી, ક્વિક રિસ્પોન્સ ટીમ અને હોમગાર્ડના જવાનો ગોઠવાયા છે. સુરક્ષા માટે ડ્રોન કેમેરાથી હવાઈ નિરીક્ષણ તથા સીસીટીવી મારફતે કંટ્રોલ રૂમમાંથી રિયલ ટાઈમ મોનિટરિંગ કરવામાં આવશે.

યાત્રા દરમિયાન વાહન વ્યવહાર જળવાઈ રહે તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા વિવિધ સ્થળોએ જવાનો તૈનાત કરી વૈકલ્પિક રૂટની વ્યવસ્થા કરાઈ છે. પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ રૂટ પર પેટ્રોલિંગ કરી સ્થિતિ પર નજર રાખશે. ભક્તો શાંતિપૂર્ણ વાતાવરણમાં શ્રીજીની વિદાય કરી શકે તે માટે તમામ જરૂરી તકેદારી રાખવામાં આવી છે.



**શાંતિપૂર્ણ માહોલથી પોલીસ તંત્રે લીધો રાહતનો શ્વાસ**

સંવેદનશીલ જૂનીગઢી વિસ્તારમાંથી નીકળેલી ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન સમાચાર લખાય ત્યાં સુધી કોઈ અનિચ્છનીય બનાવ નોંધાયો નથી. પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ગણેશ મંડળો અને નાગરિકોના સહયોગથી યાત્રા શાંતિપૂર્ણ અને કોમી સૌહાર્દભર્યા વાતાવરણમાં આગળ વધી હતી. ઘટનાક્રમથી શ્રદ્ધાળુઓ તથા પોલીસ તંત્રે રાહત અનુભવી હતી.

### કેશબેકની લાલચ આપી ક્રેડિટ કાર્ડની વિગતો અને OTP મેળવી લેવાયો

# BOBCARDમાંથી બોલતા હોવાની ઓળખ આપી રૂ.૧.૭૫ લાખની સાયબર છેતરપિંડી

**29 વર્ષીય** બેંક કર્મચારીને નિશાન બનાવી ટ્રાન્ઝેક્શન, સાઇબર હેલ્પલાઇન 1930 પર ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

મકરપુરા GIDC ખાતે બેંકમાં સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરતા યુવકને BOB CARDમાંથી બોલતો હોવાનું કહી અજાણ્યા શખ્સે કેશબેકની લાલચ આપી ક્રેડિટ કાર્ડની વિગતો અને OTP મેળવી રૂ.1.75 લાખનું ટ્રાન્ઝેક્શન કરી છેતરપિંડી આચરી હતી. ઘટનાની જાણ થતાં કાર્ડધારકે તાત્કાલિક કાર્ડ બ્લોક કરાવી નેશનલ સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી.

હરણી વારસિયા રોડ પર વિજયનગર વિસ્તારમાં રહેતા 29 વર્ષીય કુંજ મુકેશકુમાર દવે મકરપુરા GIDC ખાતે આવેલી મકરપુરા ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ બેંકમાં છેલ્લા પાંચ વર્ષથી સિનિયર ક્લાર્ક તરીકે નોકરી કરે છે. ઓગસ્ટ 2026માં તેમણે પોતાના ઉપયોગ માટે Bank of Barodaનું BOBCARD ક્રેડિટ કાર્ડ મેળવ્યું હતું. તા.15 સપ્ટેમ્બરના રોજ બપોરે 3:17 વાગ્યે અજાણ્યા મોબાઈલ નંબર પરથી કુંજ દવેના મોબાઈલ પર ફોન આવ્યો હતો.

ફોન કરનારે પોતે BOBCARDમાંથી બોલતો હોવાનું જણાવી Amazon, Flipkart, Swiggy, Zomato તેમજ UPIના ઉપયોગ પર કેશબેક મળશે તેમ કહ્યું હતું. ત્યારબાદ શખ્સે કુંજ દવેના ક્રેડિટ કાર્ડનો નંબર, એક્સપાયરી ડેટ અને CVV નંબર પણ બોલી બતાવી કેશબેકની સુવિધા ચાલુ કરવા માટે OTP માંગ્યો હતો. શખ્સ પર વિશ્વાસ રાખી કુંજ દવેએ મોબાઈલ પર આવેલ OTP આપી દીધો હતો.

OTP મળ્યા બાદ અજાણ્યા શખ્સે ફોન કાપી નાખ્યો હતો. થોડીવાર બાદ કુંજ દવેના મોબાઈલ પર BOBCARDમાંથી રૂ. રૂ.1.75 લાખ ડેબિટ થયાનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ 3:37 વાગ્યે BOBCARD તરફથી ફોન આવી રૂ.1.75 લાખનું ટ્રાન્ઝેક્શન કર્યું છે કે કેમ તે અંગે પૂછવામાં આવ્યું હતું. કુંજ દવેએ આવું કોઈ ટ્રાન્ઝેક્શન ન કર્યું હોવાનું જણાવતાં તેમની સાથે ફ્રોડ થયો હોવાનું જણાવી ક્રેડિટ કાર્ડ બ્લોક કરાવ્યું હતું. આ અંગે કુંજ દવેએ તા.15 સપ્ટેમ્બરના રોજ નેશનલ સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર ફોન કરી ફરિયાદ નોંધાવી હતી.પોલીસ ઠગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### મૂળ સિદ્ધાંતોથી ભટકેલા સંપ્રદાયને સાચા માર્ગે લાવવા કવાયત શરૂ

# વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિવાદ ઘેરો બન્યો

**સત્ય** સિદ્ધાંત સમિતિની વલેટવા ગામે બેઠક યોજાઈ

**છેલ્લા 25** થી 30 વર્ષમાં સંપ્રદાય મૂળ માર્ગથી ભટક્યો હોવાનો હરિભક્તોનો આક્ષેપ

**આગામી** દિવસોમાં ગામેગામ જાગૃતિ અભિયાન ચલાવાશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.20

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ચાલી રહેલા મનસ્વી વહીવટ અને સિદ્ધાંતોના ભંગ સામે સત્ય સિદ્ધાંત સમિતિ દ્વારા રણશિંગુ ફૂંકવામાં આવ્યું છે. સંપ્રદાયને તેના મૂળ બંધારણ અને આજ્ઞાઓ મુજબ ચલાવવા માટે વડતાલ પાસેના વલેટવા ગામે રાજ્યભરના 200 થી વધુ આગેવાનોની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં વર્તમાન વહીવટકર્તાઓ અને ભટકી ગયેલા સાધુઓ સામે રોષ વ્યક્ત કરી સંપ્રદાયના શુદ્ધિકરણ માટે ગામેગામ જઈને હરિભક્તોને સંગઠિત કરવાનો નિર્ણય લેવાયો છે.

ખેડા જિલ્લાના વડતાલ નજીક આવેલા વલેટવા ગામે સત્ય સિદ્ધાંત સમિતિના નેજા હેઠળ કોર કમિટીના સભ્યો અને રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા 200 થી વધુ હરિભક્તોની એક મોટી બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રવર્તી રહેલી વર્તમાન પરિસ્થિતિ પર મંથન કરવાનો હતો. હરિભક્તો અને આગેવાનો દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે છેલ્લા 25 થી 30 વર્ષના ગાળામાં સંપ્રદાય તેના મૂળ સિદ્ધાંતોથી ઘણો દૂર જતો રહ્યો છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલા નિયમો અને તેમની આજ્ઞાઓથી વિપરીત દિશામાં સંપ્રદાયની ગતિવિધિઓ ચાલી રહી છે જેના કારણે સત્સંગ સમાજમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ સ્થિતિ પાછળનું મુખ્ય કારણ હાલના ટ્રસ્ટના સંચાલકોની કામગીરીને ગણાવવામાં આવી છે. સંચાલકોનું ધ્યાન ભગવાનના સિદ્ધાંતો પર ન હોવાથી વહીવટ અત્યંત મનસ્વી રીતે થઈ રહ્યો હોવાનો દાવો બેઠકમાં કરવામાં આવ્યો હતો. જો વહીવટકર્તાઓ મૂળ આજ્ઞાઓને ધ્યાનમાં રાખીને કામ કરે તો સંપ્રદાયમાં ક્યારેય વિખવાદ ઊભો ન થાય તેવો મત રજૂ કરવામાં આવ્યો હતો.

બેઠકમાં હાજર આગેવાનોએ સ્પષ્ટ કર્યું હતું કે ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં લખેલા નિયમોનું કેટલાક સાધુઓ દ્વારા ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ત્યાગી અને વૈરાગ્યના માર્ગે ચાલવાના બદલે અમુક સાધુઓ ધન અને સંપત્તિના મોહમાં પડી ગયા છે અને મનમાની કરી રહ્યા છે. જે સાધુઓ નિયમ પ્રમાણે વર્તે છે અને ભક્તિ કરે છે તેઓ પૂજનીય છે પરંતુ જેઓ આજ્ઞાઓનો ભંગ કરે છે તેમનો વિરોધ કરવો જરૂરી છે. સંપ્રદાયના છ અંગો દેવ, મંદિર, શાસ્ત્ર, સાધુ, આચાર્ય અને ગૃહસ્થ હરિભક્તો પૈકી સાધુઓના એક વર્ગ દ્વારા થઈ રહેલા વર્તનથી સંપ્રદાયની છબી ખરડાઈ છે. મોક્ષના માર્ગે જવાના બદલે કેટલાક લોકો મોજના માર્ગે જઈ રહ્યા હોવાની ગંભીર બાબત પર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સાચા સંતોને માન આપવા અને ભટકી ગયેલા લોકોને ખુલ્લા પાડવા માટે હરિભક્તોને જાગૃત થવાની અપીલ કરવામાં આવી છે.



સંપ્રદાયને તેની મૂળ સ્થિતિમાં લાવવા અને ગરિમા પાછી અપાવવા માટે સત્ય સિદ્ધાંત સમિતિ દ્વારા આગામી દિવસોમાં એક મોટું જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવશે. સમિતિના સભ્યો દરેક ગામમાં ફરીને હરિભક્તોને ભગવાનના સાચા સિદ્ધાંતોથી માહિતગાર કરશે. તમામ હરિભક્તોને એક મંચ પર લાવીને સંગઠિત કરવામાં આવશે જેથી સંપ્રદાયના બંધારણનું પુનઃ નિર્માણ થઈ શકે. વલેટવા ખાતે મળેલી આ ચિંતન બેઠકમાં સત્ય સિદ્ધાંત સમિતિના સેક્રેટરી દલપતભાઈ બારૈયા, ખજાનચી કિરણભાઈ જોશી અને સામાજિક કાર્યકર અતુલભાઈ દવે સહિતના અનેક આગેવાનોએ હાજરી આપી હતી અને સંપ્રદાયના હિતમાં આગળની રણનીતિ નક્કી કરી હતી.

# શેરબજારમાં નફાની લાલચ આપી રૂ.૫૨.૨૬ લાખ પડાવ્યા

**નિવૃત્ત** મેનેજરને વોટ્સએપ પર શેર-ઓપ્શન ટ્રેડિંગની ટિપ્સ આપી વિશ્વાસ કેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

સુભાનપુરામાં રહેતા એલઆઈસીના નિવૃત્ત આસિસ્ટન્ટ ડિવિઝનલ મેનેજર મહેન્દ્રકુમાર વિઠ્ઠલભાઈ મારુ (ઉ.67) સાથે શેરબજારમાં મોટો નફો કરાવવાની લાલચ આપી રૂ.52.26 લાખની ઓનલાઈન છેતરપિંડી થયાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, મે 2026માં રવિ નામના શખ્સે વોટ્સએપ પર સંપર્ક કરી શેરબજારની ટિપ્સ આપવાનું શરૂ કર્યું હતું. બાદમાં તેણે દીપકભાઈને ટેક્નિકલ હેડ તરીકે ઓળખાવી શેર અને ઓપ્શન ટ્રેડિંગમાં રોકાણ કરવા પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ સાહીલભાઈ નામના શખ્સે ARK TRADERના નામે ડીમેટ એકાઉન્ટ ખોલાવી આપવાની વાત કરી હતી. આધારકાર્ડ અને પાનકાર્ડ સહિતના દસ્તાવેજો મેળવ્યા બાદ અલગ-અલગ બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા.

5 ઓગસ્ટથી 8 સપ્ટેમ્બર દરમિયાન 20 ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.52.26 લાખ ટ્રાન્સફર કરાયા હતા. ઉપરાંત પત્નીના પ્રાઈમ કો-ઓપરેટિવ બેંક ખાતામાંથી પણ રૂ.97 હજારના વ્યવહારો થયા હતા.

રોકાણમાં નુકસાન થયું હોવાનું કહી વધુ નાણાં નાખવાથી અગાઉની રકમ પરત મળશે તેવી લાલચ અપાઈ હતી. શંકા જતા મહેન્દ્રકુમારે પુત્રને જાણ કરી હતી. ત્યારબાદ 1930 હેલ્પલાઈન પર સંપર્ક કરી સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## પત્ની સાથે સંબંધની શંકાએ જેટકો ઈજનેર પર ચપ્પુથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાના રેસકોર્ષ વિસ્તારમાં જેટકોમાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા જયભાઈ વિજયભાઈ પટેલ પર પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકાએ પતિ-પત્નીએ ચપ્પુથી હુમલો કર્યાની ફરિયાદ અકોટા પોલીસમાં નોંધાઈ છે.

19 સપ્ટેમ્બરે જયભાઈ ઓફિસમાં હતા ત્યારે આર.એન.સી. વિભાગમાં કામ કરતા ભાવિન પટેલની પત્ની કિંજલ પટેલે તેમને ફોન કરી પૈસા આપવા ઓફિસે બોલાવ્યા હતા. બાદમાં ભાવિન અને કિંજલ બંને તેમને ગૌતમનગર સોસાયટીના ગેટ પાસે લઈ ગયા હતા. ત્યાં ભાવિને પત્ની સાથે સંબંધ કેમ રાખે છે તેમ કહી જયભાઈનો હાથ પકડી લીધો હતો. દરમિયાન કિંજલે હેન્ડબેગમાંથી ચપ્પુ કાઢી જયભાઈની ડાબી બગલ નીચેના ભાગે માર્યું હતું. લોહી નીકળતાં જયભાઈ છૂટી જેટકોના કમ્પાઉન્ડમાં દોડી ગયા હતા અને ડ્રાઈવરની મદદથી ઝાયડસ હોસ્પિટલ પહોંચ્યા હતા.

# ગણપતિ મંડપ મુદ્દે ઝઘડો, સોસાયટી પ્રમુખની રૂ.૧.૨૩ લાખની ચેઇન ખેંચી

**બાપોદમાં** મંડપ બાંધતી વખતે કૃણાલ સોલંકીનો ભારે હોબાળો

**વચ્ચે** પડેલા બે રહીશોને માર માર્યાનો આક્ષેપ, આરોપી સામે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરાના આજવા રોડની શિવમ પાર્ક સોસાયટીમાં ગણપતિ સ્થાપનાની તૈયારી દરમિયાન મંડપ બાંધવાના મુદ્દે ઝઘડો થતાં સોસાયટી પ્રમુખની રૂ.1.23 લાખની સોનાની ચેઈન ખેંચી લેવાની ફરિયાદ નોંધાઈ છે. દરમિયાન વચ્ચે પડેલા બે રહીશોને પણ માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.

સોસાયટી પ્રમુખ દિપકભાઈ દિલીપભાઈ સોલંકી મનપાના વોર્ડ નં.15માં સફાઈ સેવક તરીકે ફરજ બજાવે છે. ફરિયાદ મુજબ, 8 સપ્ટેમ્બરની રાત્રે તેઓ અન્ય રહીશો સાથે ગણપતિ સ્થાપના માટે મંડપ બાંધી રહ્યા હતા. ત્યારે સોસાયટીમાં ભાડેથી રહેતો કણુલ અંબાલાલ સોલંકી ત્યાં આવ્યો હતો અને ગણપતિ સ્થાપના નહીં કરવા કહેતાં બોલાચાલી કરી હતી.

મામલો ઉગ્ર બનતાં કણુલે દિપકભાઈ સાથે ઝપાઝપી કરી તેમના ગળામાંથી 17.690 ગ્રામ વજનની રૂ.1.23 લાખની સોનાની ચેઈન ખેંચી લીધી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આ દરમિયાન મહેન્દ્રભાઈ અને કૌશીકભાઈ સોલંકી વચ્ચે પડતાં બંનેને માર મારવામાં આવ્યો હતો. બાદમાં આરોપી નાસી ગયો હતો. ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ છે. બાપોદ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

### પેપર લેંધી અને ટ્વીસ્ટ કરી પ્રશ્નો પુછાતા ઉમેદવારો મૂંઝવણમાં

# માધ્યમિક શાળામાં શિક્ષક બનવા માટેની મુખ્ય પરીક્ષા,પેપર-૧માં ૭૮૯-પેપર-૨માં ૮૦૦ ગેરહાજર

**એક** કેન્દ્રમાં શૌચક્રિયા માટે જવા ન દેવાતા બહારથી આવેલા ઉમેદવારોને કડવો અનુભવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા રવિવારે યોજાયેલી માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટેની શિક્ષક અભિરુચિ કસોટી માધ્યમિક-2026ની મુખ્ય પરીક્ષા વડોદરામાં શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. સવારના પેપર-1માં 12546 માંથી 11,757 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જ્યારે 789 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. બપોરના પેપર-2 માં 11,746 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જ્યારે 800 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

રાજ્યના વડોદરા સહિતના પાંચ જિલ્લામાં આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા જિલ્લાના 63 કેન્દ્રો પર 12,546 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેમાં ગુજરાતી માધ્યમના 12,258 અને અંગ્રેજી માધ્યમના 288 ઉમેદવારોનો સમાવેશ થાય છે. પરીક્ષાની ગંભીરતા અને પારદર્શિતાને ધ્યાનમાં રાખીને તમામ કેન્દ્રોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા હતા. સાથે જ પ્રશ્નપત્રોની સુરક્ષા માટે પેપર ટ્રેકિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જિલ્લા કક્ષાએ કલેક્ટર દ્વારા નિયુક્ત કરાયેલા ઓબ્ઝર્વર અને રાજ્ય પરીક્ષા બોર્ડની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા સતત સુપરવિઝન કરવામાં આવ્યું હતું. સવારે 10:30 થી 1:00 વાગ્યા સુધી પેપર-1 ભાષાકીય ક્ષમતાનું અને બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી પેપર-2 વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્રનું લેવામાં આવ્યું હતું. વડોદરાના તમામ 63 કેન્દ્રો પરથી કોઈ અનિચ્છનીય બનાવ ન નોંધાયો હોવાનું શિક્ષણ વિભાગે જણાવ્યું હતું. પરીક્ષા આપનાર ઉમેદવાર હોય જણાવ્યું હતું કે, પેપર લેંધી અને અઘરું લાગ્યું હતું. કેટલાક પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પૂછવામાં આવ્યા હતા. જેણે પહેલેથી જ સંપૂર્ણ તૈયારી કરી હશે તેને કોઈ આ પેપરમાં તકલીફ પડી નહીં હોય અન્ય એક ઉમેદવારે જણાવ્યું હતું કે હરણી વારસિયા રીંગ રોડ ઉપર આવેલ ગુરુકુળ વિદ્યાલયના પરીક્ષા કેન્દ્રમાં આજે યોજાયેલી પરીક્ષા બે ભાગમાં હતી. સવારે પ્રથમ પેપર અને બપોરે બીજુ પેપર હતું. જો કે વચ્ચેના સમયગાળામાં ઉમેદવારોને શૌચક્રિયા માટે કેન્દ્રના બાથરૂમમાં જવા દીધા ન હતા. આ પરીક્ષામાં દૂર દૂરથી રાજ્યભરમાંથી યુવક યુવતી ઉમેદવારો આવ્યા હતા. જેઓને અન્ય દૂર જઈને શુલભ શૌચાલયમાં જવાની ફરજ પડી હતી. જે બહારથી આવેલા ઉમેદવારો માટે કડવો અનુભવ રહ્યો હતો.